# આવકવેરા ખાતા દ્વારા કરાતી સર્વે અને સર્ચની કાર્યવાહી વચ્ચે અનેક તફાવતો છે

ટૅક્સ રામાયણ
પરેશ કપાસી



આવકવેરા ખાતાના અધિકારીઓ કોઈને ત્યાં જાય એટલે તેના પર ધાડ પડી કે દરોડા પડ્યા (રેઇડ) એવું સામાન્ય રીતે બોલાતું હોય છે. જોકે ટેક્નિકલી અર્થાત્ કાયદા મુજબ એના દરેક પગલા કે કાર્યવાહી માટે અલગ-અલગ શબ્દપ્રયોગ થતો હોય છે. આવકવેરા ધારા હેઠળ 'સર્વે' અને 'સર્ચ' એમ બે પ્રકારની અલગ-અલગ કાર્યવાહી થતી હોય છે.

## સર્વે એટલે શું?

કરવેરા અધિકારીઓ કરદાતા દ્વારા છુપાવાયેલી અથવા જાહેર ન કરાયેલી આવક અને મિલકતને શોધવા માટે સર્વેની કાર્યવાહી કરતા હોય છે. સર્વેનો મુખ્ય હેતુ માહિતી ભેગી કરવાનો હોય છે. કરદાતાએ (વ્યક્તિગત કે બિઝનેસ કે અન્ય) હિસાબનાં ચોપડાં નિયમ મુજબ બરાબર રાખ્યાં છે કે નહીં એની પણ ચકાસણી સર્વેમાં કરવામાં આવે છે.

સર્વેની કાર્યવાહી આવકવેરા ધારા ૧૯૬૧ની કલમ ૧૩૩એ હેઠળ કરવામાં આવે છે. આ કલમ ૧૯૬૪માં કાયદામાં ઉમેરવામાં આવી હતી અને ફાઇનૅન્સ ઍક્ટ, ૨૦૦૨ દ્વારા એમાં કેટલાક સુધારાઓ કરવામાં આવ્યા હતા.

## સર્ચ એટલે શું?

કરચોરીના કિસ્સાઓમાં છુપાવાયેલી આવક અથવા સંપત્તિને પકડી પાડવા માટે જ્યારે ઇમારતો, બિઝનેસનાં સ્થળો તથા અન્ય જગ્યાઓએ શોધખોળ કરવામાં આવે છે ત્યારે એને ટેક્નિકલી સર્ચ કહેવાય છે. સર્ચ કરતી વખતે કરવેરા ખાતાના અધિકારીઓને હક હોય છે કે તેઓ સત્તાવાળાઓથી છુપાવીને રખાયેલા દસ્તાવેજો, ઍસેટ્સ, સોનું-ચાંદી વગેરે જપ્ત (સીઝ) કરી શકે છે. આથી જ આ કાર્યવાહીને 'સર્ચ ઍન્ડ સીઝર' પણ કહેવામાં આવે છે.

સામાન્ય સંજોગોમાં વપરાતો દરોડા (રેઇડ) શબ્દ આવકવેરા ધારામાં ક્યાંય વપરાયો નથી. સર્ચની કાર્યવાહી આ કાયદાની કલમ ૧૩૨ હેઠળ કરવામાં આવે છે.

સર્વે અને સર્ચ વચ્ચેના તફાવત સંબંધે આ મુદ્દાઓ જાણવા જેવા છે:

- સર્વેની કાર્યવાહી કામકાજના કલાકો દરમ્યાન કરી શકાય છે, જ્યારે સર્ચ બાબતે એવું કોઈ બંધન નથી.
- સર્ચની કાર્યવાહી દરમ્યાન બેહિસાબી ઍસેટ્સ જપ્ત કરી શકાય છે. અધિકારીઓએ એમાં સાવચેતી રાખવી જરૂરી છે. પછીથી જપ્તી બદલ તેમણે જવાબ આપવો પડી શકે છે.
- સર્ચ વખતે જો કરદાતા સહકાર આપે નહીં તો આવકવેરા અધિકારીઓ દરવાજો/બારી તોડીને પણ અંદર પ્રવેશી શકે છે. સર્વેની કાર્યવાહીમાં આવો કોઈ અધિકાર હોતો નથી.
- સર્વેની કાર્યવાહી હળવા સ્વરૂપની સર્ચની કાર્યવાહી કહી શકાય. સર્વેમાં મૂળ ઉદ્દેશ્ય માહિતી શોધવાનો હોય છે, જ્યારે સર્ચ ઍન્ડ સીઝરમાં મુખ્ય ઉદ્દેશ્ય બેહિસાબી સંપત્તિ અને એને લગતો રેકૉર્ડ શોધી કાઢવાનો હોય છે.
- સર્વેની કાર્યવાહી બિઝનેસના કામકાજના કલાકો દરમ્યાન કરવાની હોય છે, સર્ચ માટે કોઈ નિશ્ચિત સમયગાળો નથી, અર્થાત્ એ ક્યારે પણ કરી શકાય છે.
- જ્યાંથી બિઝનેસ અને વ્યવસાય થતો હોય એ જ જગ્યાએ સર્વે થઈ શકે છે. સર્ચની કાર્યવાહી કોઈ પણ સ્થળે કરી શકાય છે.
- સર્ચની કાર્યવાહીને ફોજદારી દંડસંહિતા ૧૯૭૩ની જોગવાઈઓ લાગુ પડે છે. આથી જ કરદાતા સહકાર આપે નહીં ત્યારે ખાતાના અધિકારીઓ અંદરનો કે બહારનો દરવાજો અથવા બારી તોડીને પણ એ જગ્યાએ પ્રવેશી શકે છે, જ્યાં સર્ચની કાર્યવાહી કરવાની હોય છે. જોકે સર્વેમાં આવો કોઈ અધિકાર નથી એ ફરી એક વાર નોંધવું રહ્યું. સર્ચ વૉરન્ટનો અમલ થઈ રહ્યો હોય એવા સમયે કરદાતાના કેટલાક અધિકારો તાત્પૂરતા સ્થગિત થઈ જાય છે, જ્યારે સર્વેમાં એવું થતું નથી.
- ફાઇનૅન્સ ઍક્ટ ૨૦૦૨ની પહેલાં કરવેરા અધિકારીઓને સર્વે દરમ્યાન કોઈ ઍસેટ જપ્ત કરવાનો અધિકાર નહોતો, પરંતુ સુધારા થયા બાદ હવે અધિકારીઓ સર્વે કરાયેલાં હિસાબનાં ચોપડાં અને દસ્તાવેજો જપ્ત કરી શકે છે. જોકે એમ કરવા પાછળનાં કારણોની નોંધ કરવી જરૂરી છે.
- આ ચોપડાં અને દસ્તાવેજો દસ દિવસ કરતાં વધુ સમય સુધી ખાતા પાસે રાખી શકાતાં નથી. જો વધારે સમય રાખવાં હોય તો ચીફ કમિશનર, કમિશનર, ડિરેક્ટર જનરલ અથવા ડિરેક્ટરની મંજૂરી મેળવવી જરૂરી છે.
- સર્ચ ઍન્ડ સીઝરની કાર્યવાહી વખતે અધિકારીઓ સ્ટૉક ઇન બિઝનેસ સિવાયના દસ્તાવેજો કે ઍસેટ જપ્ત કરી શકે છે. જો કરદાતા તેમને ચાવી આપે નહીં તો તેઓ તાળાં તોડી પણ શકે છે. આ સમગ્ર કાર્યવાહીમાં તેમને જરૂર લાગે તો તેઓ પોલીસ અધિકારીઓ અથવા કેન્દ્ર સરકારની કોઈ એજન્સીના અધિકારીઓની મદદ લઈ શકે છે.

લેખક પ્રૅક્ટિસિંગ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. paresh.kapasi@mid-day.com પર વાચકો તેમનો સંપર્ક સાધી શકશે.